# નાટ્યકૃતિ'હયવદન'

પાટડિયા હિરવા એમ.
વાંકાનેર, જી. રાજકોટ

ભારતીય નાટ્યકાર ગિરીશ કાર્નાડે પોતાના નાટકોમાં કથાવસ્તુ તરીકે બહુધા ઈતિહાસ, પુરાણ કે લોકસાહિત્યને પસંદ કર્યું છે. તેનું જવલંત ઉદાહરણ છે તેમની બેનમૂન નાટ્યકૃતિ 'હયવદન'. હયવદન નાટકના કથાનક પર 'વૈતાલપંચશિભ' અને નોબેલ પ્રાઈઝ વિજેતા થોમસ માનની માનસશાસ્ત્રીય અભિગમવાળી દીર્ઘવાર્તાની ગાઢ છાયા પડેલી છે.

પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એમ બે ભાગમાં હેંચાયેલી 'હયવદન' નાટ્યકૃતિમાં બિલીપત્રના પાનની માફક ત્રણ–ત્રણ અલગ પ્રવાહો જોવા મળે છે. પણ નાટ્યકારે એવી સુક્ષ્મતાથી સમજપૂર્વક ધૈર્યપૂર્વક નાટ્યશિલ્પ રચ્યું છે કે આ પ્રવાહો એક બીજાને પૂરક બની કેન્દ્રીય ભાવને કલાત્મક રીતે ઉપસાવે છે. રચનાના આરંભે ગણપતીની સ્તુતી આવે છે. આ બહુ ઉચિત પસંદગી છે.ગેરસમજૂતીના કારણે ખુદ પિતા શંકરના આવેગ–આવેશનો ભોગ બનેલો પુત્ર ગણેશ પોતાનું અસલ મસ્તક ગુમાવે છે અને હાથીનું મસ્તક ધારણ કરે છે. અપૂર્ણ એવા ગણેશને પણ પરિપૂર્ણ થવા માટેની તરસ કેવી હશે? અને આપણીપરંપરામાં ગણપતી અધૂરપનું પ્રતીક છે. આવી અપૂર્ણતાના પ્રતીક સાથે સંકળાયેલા દેવ પૂર્ણતા પૂરી કરવા ના આશીર્વાદો આપે છે. જાઓ ! પૂર્ણ થાજો, મંગળ થાજો.

(૧) ભાગવત એટલે કે સૂત્રધાર અને તેની નટમંડળીનો સંસાર બે નાટકનો ઉપપ્રવાહ છે. ભાગવત પરંપરા પ્રમાણે ગણપતીની મંગલસ્તુતિ કર્યા બાદ નાટકનો પ્રારંભ કરે છે ત્યાં એક નટ શ્વાસભેર દોડતો અડબડિયાં ખાતો ધ્રૂજતો ભાગવત પાસે આવી ફરિયાદ કરે છે કે તે રસ્તા પર લઘુશંકા માટે બેઠો હતો ત્યારે વાડની પાછળ ઊભેલા એક વિચિત્ર ઘોડાએ માણસના અવાજમાં કહ્યું હે દુષ્ટ ! આમ રાસ્તે પર ગંદગી ફૈલાતે હો ! (પૃ. ૧૯)

(૨) હયવદનની વ્યથાકથા એ બીજો વસ્તુપ્રવાહ છે. હયવદનની માતા તો કર્ણાટકની લાવણ્યમયી રાજકન્યા હતી પણ તે સ્વયંવરમાં કોઈ રાજકુંવરને પસંદ કરવાને બદલે આરબ દેશના વીર્યવાન શક્તિશાળી સફેદ ઘોડાને પસંદ કરે છે અને પંદર વર્ષ સુધી તેની સાથે સંતોષપ્રદ જીવન ગાળે છે. આ બંનેના અટપટા સંયોગથી જન્મેલો અડધો ઘોડો અને અડધો માનવી, માથું ઘોડાનું અને શરીર માનવીનું એટલે આ હયવદન. તેને ગમે તે હિસાબે પૂર્ણાંગ બનવું છે.

(૩) નાટકનો ત્રીજો અને મુખ્ય પ્રવાહ તે દેવદત્ત – પદ્મિની – કપિલનો છે. થોમસ માનના પાત્રો શ્રીદમન – સીતા – નંદ અહીં આ નામે જોવા મળે છે. દેવદત્ત સર્વ શાસ્ત્રોમાં પારંગત પંડિતવર્ય હોવા ઉપરાંત રૂપસૌંદર્ય, જ્ઞાનવૈભવ અને વાક્પટુતાથી અત્યાર સુધી પંદર પંદર છોકરીઓને પોતાની પાછળ પાગલ કરી દીધી છે. આથી અસાધારણ બાહુબળ ધરાવતો મલ્લશ્રેષ્ઠ કપિલ બુદ્ધિન્યૂનતા અને કદરૂપા દેખાવને કારણે લધુતાગ્રંથિથી પીડાતો હોય છે.

દેવદત્ત પ્રથમ દૃષ્ટિએ જ પદ્મિનીના પ્રેમમાં પાગલ બની જાય છે અને આકરી પ્રતિજ્ઞા લે છે કે ''જો આ કન્યારત્ન મને પ્રાપ્ત થશે તો મહાકાલી દેવીના ચરણમાં હું મારા બંને હાથ અર્પણ કરીશ અને ભગવાન રૂદ્રના ગળામાં મારું મસ્તક લટકાવીશ'' દેવદત્તની આવી કરુણ દશા નિહાળી કપિલ મિત્રધર્મ બજાવવા દૂતકાર્ય સ્વીકારે છે. 'હયવદન'ની નાવિકા પદ્મિની તો રૂપરૂપનો અંબાર તો છે જ પણ ચતુરાઈ અને લુચ્ચાઈમાં ચાર ચાસણી ચઢે તેવી ખટપટી નારી છે.

કાર્નાડ પદ્મિનીના આંતર મનને સંવેદનાને ખૂબથી સૂક્ષ્મતાથી વર્ણવે છે. પોતાના મિત્રનું દૂતકાર્ય બજાવવા આવેલા કપિલની પોલાદી કાયા જોઈ પદ્મિની મનોમન તેના પ્રેમમાં પડી જાય છે. ઝરુખા પરથી સંતાઈને કપિલચેષ્ટા નિહાળે છે અને દ્વાર પર ટકોરા પડતા વીજળી સમી પદ્મિની આ અણઘડ અનાડી બ્રહ્મચારીની પ્રશ્નોતરીના આક્રમક હુમલા દ્વારા મૂંઝવી નાખે, અકળાવી નાખે તેવી મશ્કરી કરી કપિલને ઘાયલ કરે છે.

પદ્મિનીના પાવનતીર્થમાં આવેલા ઘર પર ખોદાયેલું બે શિરવાળું પક્ષીનું ચિત્ર પણ કેવું અર્થસમૃદ્ધ પ્રતીક બની રહે છે. પક્ષી એટલે પદ્મિની અને તેનાં બે શિર એટલે દેવદત્ત અને કપિલ તો પછી તેમા પદ્મિનીની ઓળખ ક્યાં રહી ?

'હયવદન' નાટકમાં શું બને છે તે કરતાં કેવી રીતે બને છે, પાત્રોનાં આંતરમનને અનાવૃત કરવા નાટ્યકારે રસપ્રદ આલેખન કર્યું છે. દેવદત્ત અને પદ્મિનીના લગ્ન ધામધૂમથી થઈ ગયાં છે. ત્રણ મિત્રોની દોસ્તી એવી જ અવિચલ છે. દેવદત્ત, પદ્મિની અને કપિલ રામ, સીતા અને લક્ષ્મણના સ્વરૂપમાં જ દેખાય છે. છ માસના લગ્નના સમય પછી પદ્મિની સગર્ભા બની છે બંને ઉજ્જેનના પ્રવાસે જાનો કાર્યક્રમ ગોઠવે છે. કપિલ મિત્રહક્કથી પરિણીત દેવદત્તને ત્યાં આંટાફેરા મારે છે પણ વાસ્તવમાં આ આદિમ પશુ પદ્મિનીનું સાંનિધ્ય ઈચ્છે છે. પદ્મિની પતિ સાથે વાતો કરતી હોવા છતાં તેનું મન સતત કપિલ પ્રતીક્ષામાં રોકાયેલું હોય છે. પદ્મિની દેવદત્તને ખુશ કરવા ઉજ્જનો પ્રવાસ મોકૂફ રખાવે છે પણ કપિલ ના આગમને એ પ્રવાસ ચાલુ રાખવાનો પ્રસ્તાવ મૂકે છે. પતિને પ્રેમથી, મશ્કરીથી, કાકુકટાક્ષથી જીતી લે છે પણ અંદર ભડભડતો કામાગ્નિ સતત કપિલના પ્રપૂર્ણ પૌરુષદેહને ઝંખે છે. કાર્નાડે ત્રણે પાત્રોની ચૈતસિક ગતિવિધિનો પ્રેક્ષકોને સાક્ષાત્ પરિચય કરાવ્યો છે. પંદર પંદર સુંદરીઓને વશ કરનારો બુદ્ધિપ્રવણ દેવદત્ત કાંઈ ઠોઠ કે ભોટ નથી. તે પણ સ્ત્રીની વાસનાલિપ્સાને સારી રીતે સમજે છે. સૌભાગ્યવૃક્ષ પર કવિની માફક આરોહણ કરનારા કપિલનાં સ્નાયુબદ્ધ અંગોને પદ્મિણી જે કામલાલસાથી ટગર ટગર નિહાળી રહી હતી તેનાથી દેવદત્તને પરિસ્થિતિ સમજાઈ ગઈ હતી. હવે દેવદત્ત લઘુતાગ્રંથિથી પીડાય છે. નાટ્યકારે કપિલનું વૃક્ષારોહણનું સૂચિત દશ્ય દેવદત્ત અને પદ્મિનીના સંવાદો દ્વારા ઉપસાવ્યું છે. તો બંને પાત્રોની સ્વગતોક્તિઓ દ્વારા તેમના અવચેતન મનને ખૂબીથી પ્રગટ કરી દીધું છે. પદ્મિનીના જાતીય આવેગને સંપૂર્ણ રીતે સંતૃપ્ત કરી શકે તેવા કપિલના પૌરૂષપૂર્ણદેહ પ્રતિનું આકર્ષણ અને દેવદત્તનો ઈર્ષાભાવ બીજરૂપે અંકુરિત થઈ ગયાં છે.

કપિલ અત્યંત ઉત્સાહથી પદ્મિની પાસે તેને મંગાવેલા સૌભાગ્યનાં ફૂલોનો ઢગલો કરે છે. ત્રણે પ્રવાસીઓ પાછા બળદગાડામાં ગોઠવાઈ જાય છે. પ્રસન્નચિત્ત બનેલો કપિલ ભાર્ગવ નદીના રમણીય તટના અને પ્રાકૃતિક સૌંદર્યના વખાણ કરે છે તથા નજીક ભગવાન રુદ્રનું મંદિર છે તો ત્યાં પેલા પહાડની પાછળ કાલિકામાતાનું મંદિર છે એવી જાહેરાત કરે છે. કપિલ–પદ્મિની દેવદત્તને સમીપસ્થ રુદ્ર ભગવાનના મંદિરે દર્શન કરવા માટે આગ્રહ કરે છે. પણ અંતરથી બિજા છિજા–ભિજા દેવદત્ત આવા માટે સ્પષ્ટ ના પાડે છે. અને એકલો પડતાં મહાકાલિ માતાના દર્શને ચાલ્યો જાય છે. દેવદત્ત પદ્મિની પ્રાપ્તિ સંદર્ભે લીધેલી પ્રતિજ્ઞાને નિમિત્ત બનાવી મહાકાલી સમક્ષ પોતાનો શિરચ્છેદ કરે છે પણ વાસ્તવમાં પ્રતિજ્ઞાએ રૂપાળું બહાનું છે. પદ્મિનીની વર્તણૂકથી હતાશ બનેલો દેવદત્ર નરૂપાયે આત્મહત્યા કરે છે. તેની પાછળ પાછળ મિત્રની તપાસ કરવા આવેલો કપિલ પણ મૃત દેવદત્તને જોઈ શિરચ્છેદ કરે છે.

પણ વાસ્તવમાં કપિલ દેવદત્તની અનુપસ્થિતિમાં પદ્મિનીનાં રૂપસૌંદર્યને ભોગવવાની પૂરેપૂરી કામેચ્છા ધરાવતો હોય છે. પણ સામાજિક નીતિનિયમો, લોકાપવાદ વગેરેથી ડરીને કપિલ ના છૂટકે મૃત્યુને વહોરી લે છે.

બંને મિત્રોની તપાસ માટે આવેલી પદ્મિની બંનેની કરુણદશા જોઈ પ્રથમ તો હતપ્રભ બની જાય છે અને હૈયાફાટ આક્રંદ કરે છે. વાસ્તવમાં પદ્મિની આ આપત્તિજનક ઘટનાને જે દૃષ્ટિકોણથી મુલવે છે તેમાં તેનું સ્વાર્થપણું દેખાઈ આવે છે. પોતે પણ આ બંને મિત્રોની જેમ બલિ માટે તત્પર બને છે તેમાં કાલિમાતા પ્રત્યેની ભક્તિ નહીં પણ સમાજની ભીતિ કારણભૂત હોય તેમ જણાય છે. 'હવે જીવીને શું કરવું ?' એવા ખ્યાલથી તે પણ માતાજીને બલિ આપા કટિબદ્ધ બને છે.

મંદિરમાંથી શંખ, મૃદંગ, નગારાં, ઘંટનાદ વગેરેના શોરબકોર વચ્ચે મહાકાલી માતાનો અવાજ સાંભળી એને તેમનું સાક્ષાત રૌદ્રસ્વરૂપ નિહાળી પદ્મિની શિરસમર્પણ કરતાં અટકી જાય છે. કાર્નાડે માનવેતર સૃષ્ટિનાં પાત્રચિત્રણો કાકુકટાક્ષ વ્યંગથી દોર્યાં છે. આ ઊંઘમાં બગાસાં ખાતી મહાકાલી કહે છે કે પહેલાં તો આ મંદિરમાં ભક્તોની ભારે ભીડ રહેતી. વાજિંત્રો અને ઘંટનાદથી વાતારણ સદા ગુંજતું–ગાજતું રહેતું પણ હવે ભક્ત નહીં, આરતી નહીં એટલે પેલી જાગતા રહેવાની ટેવ જતી રહી છે. સર્વજ્ઞ સર્વવ્યાપક સર્વશક્તિમાન દેવી પ્રસન્ન થઈ પદ્મિનીને વરદાન માગવા સૂચવે છે. સ્વાભાવિક રીતે તે આ બંનેને જીવિત કરવા માટે વિનંતી કરે છે. સહાકાલી આદેશ આપે છે કે પદ્મિની બંનેના મસ્તક ધડ પર મૂકી તલવારનો સ્પર્શ કરશે એટલે તેઓ પુનર્જીવિત થશે.

પદ્મિનીના મનમાં સતત એક પ્રશ્ન રમ્યા કરે છે કે મંગલમયી માતાજીએ આ બેમાંથી એકને પણ સમર્પણ કરતાં અટકાવ્યા હોત તો આ મહાવિનાશમાંથી ઊગરી શકી હોત. સત્યભાષી પદ્મિનીની નિખાલસતા અને પારદર્શકતાથી કાલિકામાતા વધુ પ્રસન્ન થાય છે. પ્રતિજ્ઞાપાલન સંદર્ભે દેવદત્ત તો ઢોંગી અને દંભી નીકળ્યો. કપિલ જુઠ્ઠો અને લબાડ નીકળ્યો. તે પદ્મિનીને આત્યંતિકભાવે ચાહતો હતો તો મંદિરમાંથી બહાર નીકળી સદેહે પદ્મિની પાસે જવું જોઈતું હતું. તેણે પણ દેવદત્તને અનુસરવાનો ઢોંગ કરી સત્યને છુપાવ્યું હતું. કાલિમાતાના સર્વરી હોવાને કારણે ત્રણે પાત્રોની માનસિકતાને સારી રીતે સમજે છે. આથી માતાજીની આજ્ઞા પ્રમાણે પદ્મિની ઉતાવળમાં દેવદત્તનું મસ્તક કપિલના શરીર પર કપિલનું મસ્તક દેવદત્તના શરીર પર મૂકે છે.

પદ્મિનીના અવચેતન મનમાં શ્રેષ્ઠબુદ્ધિ અને શ્રેષ્ઠ શરીરવાળા પુરુષની સંપૂર્ણ પુરુષની ઈચ્છા હતી. દેવદત્ત સાથે લગ્ન કરવાથી તે શ્રેષ્ઠ બુદ્ધિવાળા પુરુષને પામી શકી પણ તેના દેહને કચડી નાખે, સંવનન અને સંભોગનો સંપૂર્ણ આનંદ આપે તેવા પોલાદી કાયાવાળા પુરુષની આવશ્યકતા હતી. હવે કપિલ દેહધારી દેવદત્ત પ્રાપ્ત થતાં, બંને શ્રેષ્ઠ સ્વરૂપોનો સુયોગ સધાતાં, પદ્મિની ચરમ આનંદાવસ્થામાં આવી જાય છે માટે તો મહાકાલી કહે છે. ''આખરે આ સત્યની દુનિયાને પણ એક સીમા હોય છે'' આવા મનોવૈજ્ઞાનિક અભિગમને કારણે સમગ્ર નાટક સૂક્ષ્મતાને પામે છે. ત્રણેય આ નવી પરિસ્થિતી માં થતા નિત્યનવીન અનુભવોને જોડાણને પ્રથમ કુતૂહલથી અને પછી આનંદથી વધાવી લે છે.

થોડાક સમય પછી પદ્મિની કોની પત્ની, તે અંગે બંને મિત્રોમાં ઉગ્ર વાદવિવાદ ચાલે છે. એક જ્ઞાની મહર્ષિ પાસે આનો ઉકેલ મેળવતાં 'જેમ વૃક્ષોમાં કલ્પવૃક્ષ સ્થાન ધરાવે છે તેમ સર્વ અવયવોમાં મસ્તક શ્રેષ્ઠ સ્થાન ધરાવે છે. માટે જેના શરીર પર દેવદત્તનું મસ્તક તે દેવદત્ત કહેવાશે અને જેના શરીર પર કપિલનું મસ્તક તે કપિલ કહેવાશે.' પદ્મિની આવા પરિણામથી ધન્ય ધન્ય થઈ જાય છે પણ કપિલ નતમસ્તકે અરણ્યમાં ચાલ્યો જાય છે. પણ ચતુર પદ્મિની દેવદત્ત સાંભળે નહિ તેવી રીતે કહે છે 'દેવદત્ત સાથે જવું મારો ધર્મ છે પણ છેવટે જઈ રહી હું તો તમારા દેહની સાથેને?'

પણ સમય જતાં બંને પુરુષો ક્રમશઃ મૂળ સ્વરૂપને પામતા જાય છે. આમ, અત્યાર સુધીમાં પદ્મિની ચાર પુરુષોનો અનુભવ કરી ચૂકી છે ૧) દેવદત્ત ૨) કપિલ ૩) કપિલ–દેહધારી દેવદત્ત ૪) દેવદત્ત–દેહધારી કપિલ. દેવદત્ત શરીરસુખ અર્પવા

પણ અખમતીધર ઠરતાં પદ્મિની યંત્રવત્ દેવદત્તના આલિંગનમાં બધ્ધ છે પણ સ્વપ્નામાં તો જાતીયતાના ઘોડાપૂર આ વેગને નાથે, કચડે, મસળે અને પરિતૃપ્ત કરે એવા કપિલદેહને જ નિહાળે છે.

નાટકમાં આવતી માનવેતર સૃષ્ટિના આલેખન દ્વારા ઢીંગલીઓના માધ્યમથી પાત્રોના અવચેતન મનમાં ચાલતી સૃષ્ટિને ખડી કરી દે છે. દેવદત્ત આંખો પટપટાવતી સ્મિત વેરતી બે ઢીંગલીઓ લાવે છે. ઢીંગલીઓ બધું જ સૂક્ષ્મતાથી નોંધે છે. ઢીંગલીઓ તો પદ્મિનીના સ્વપ્નપ્રદેશમાં પણ ડોક્યું કરી શકે છે. પોલાદી કાયાનું સતત આકર્ષણ અનુભવનારી પદ્મિનીને હવે દુર્બળદેહધારી દેવદત્તમાં બિલકુલ રસ ન રહેતા તેનાં સ્વપ્નપ્રદેશમાં વારંવાર કપિલ આવે છે. પદ્મિની પુત્ર સાથે કપિલને શોધવા અરણ્યમાં જાય છે અને ત્યાં કપિલ તેને પાછી જવાનો આદેશ આપે છે. પરંતુ પ્રવાસથી પાછા વળતા દેવ દત્તપદ્મિનીને ઘરમાં ન નિહાળતાં હાથમાં ખુલ્લી તલાવર લઈને કપિલની ઝૂંપડી પાસે આવી જાય છે. ત્રણેય એકબીજા વગરજીવી શકે તેમ નથી. પરિણામે બંને વચ્ચે ખડ્ગયુદ્ધ થાય છે. પણ આ ખડ્ગયુદ્ધની વિશેષતા બલ્કે કરુણતા એ છે કે તે શત્રુને મારવા નહીં, પદ્મિનીને પામવા નહીં પણ જાણી–વિચારી સમજી એકબીજાન હાથે ખતમ થઈ જવા ખેલાઈ રહ્યું છે. ગિરીશ કાર્નાડે જીવનની નિરર્થકતાને નાટ્યાત્મક રીતે કંડારી છે. પદ્મિની કામાવેશની સામે વિવશ અને લાચાર છે તે ફૂટબોલની જેમ દેવદત્ત અને કપિલની વચ્ચે ફંગોળાયા કરે છે અને પદ્મિની સતી થતાં પહેલા કહે છે ‘મા કાલિ તને હસવું આવે છે કે નહિ ? બીજી કોઈ સ્ત્રી સતી થતાં પહેલા જન્મજન્માંતર એ જ પતિ મળો એવી પ્રાર્થના કરતી સતી થતી હશે પણ મને તો એ કહેવાનો અધિકાર નથી. હું એક સૌભાગ્યવતી સતી થવા છતાં દુર્ભાગિણી જ ઠરીશ.’ આવી વિશિષ્ટ પરિસ્થિતિમાં ત્રણે પાત્રો અપરાધભાવથી ઝૂરતાં હોય છે અને મૃત્યુને ભેટે છે. કદાચ તેઓનું પહેલું મૃત્યુ મહાકાલીના મંદિરમાં વધુ શાતાદાયક હતું.

સમગ્ર કૃતિમાં માનવેતર દિવ્યપાત્રો અને ચમત્કારો આવે છે. નાટ્યકારે વિઘ્નહર્તા મંગલમૂર્તિ ગણપતિને અપૂર્ણ દર્શાવી તથા સર્વજ્ઞ સર્વસત્તાધીશ મહાકાલીને બગાસાં ખાતી, ભગવાનરુદ્રની ઈર્ષા કરતી, સામાન્ય મનુષ્યની જેમ નાનકડી બાબત માં રિસાતી દર્શાવી એક કાંકરે બે પક્ષી માર્યા છે. સમગ્ર નાટક અત્યંત હળવાશથી આગળ વધે છે તો સાથે સાથે વ્યર્થતા, અસંગતતાનો સૂર બુલંદ બનીને બહાર આવે છે. કાર્નાડે દેવદત્તની પ્રતિજ્ઞાનું તત્ત્વ ઉમેરી કૃતિને વધુ સંકુલ બનાવી છે. દેવદત્ત પદ્મિનીપ્રાપ્તિ માટે આકરી પ્રતિજ્ઞા લે છે. ‘મને પદ્મિની પ્રાપ્ત થશે તો રુદ્ર. હું તને મારુ મસ્તક અને મહાકાલી હું તને મારા બંને હાથ સમર્પિત કરીશ. ‘આ પ્રતિજ્ઞા કેવી અસંગત લાગે છે ! પદ્મિની પ્રાપ્તિ પછી તો તૃપ્તિનો ઉપક્રમ આપવો જોઈએ. પણ ના પદ્મિની મળે તો તરત સમર્પણની વાત છે. તો પછી આવી પ્રતિજ્ઞાનો અર્થ શો ? તર્કને આગળ ચલાવીએ તો રુદ્રને મસ્તક અર્પણ કર્યા પછી મૃત દેવદત્ત મહાકાલીને હાથ કેવી રીતે સમર્પિત કરી શકે ! અથવા મહાકાલીને હાથ સમર્પિત કરે તો પોતાનું મસ્તક કેવી રીતે કાપી શકે ? શાપિત સિસિફસની જેમ કન્યારત્નપ્રાપ્તિ પછી તે ને પ્રતિજ્ઞાસંદર્ભે ખોઈ નાખવાની ? નાટ્યકારે આવા રચનાપ્રપંચ દ્વારા અર્થશૂન્યતા અને અસારતાનો બોધ સૂચક રીતે કર્યા છે.

હયવદનની કથા નાટકના પૂર્વાર્ધમાં અને ઉત્તરાર્ધમાં થોડોક સમય માટે જ આવે છે છતાં નાટકનું નામ હયવદન છે. આંતર–નાટકનો લાંબોલચ પથારો જોતાં નાટ્યકાર તેને ‘પદ્મિનીવદન’ કે એવું કંઈક નામ આપી શક્યા હોત. પણ ‘હયવદન’ નામાભિધાન સહેતુક થયું હોય તેમ વર્તાઈ આવે છે. હયવદનને સંપૂર્ણ માનવ નહીં પણ સંપૂર્ણ ઘોડો બનાવી, ઉત્તમાંગ મસ્તકનો નહીં પણ પશુદેહનો વિજય દર્શાવી, હયવદનને હણહણાટી કરતા અશ્વને ચકાકારમાં ગોળગોળ ફરતો બતાવી સાંપ્રત યાંત્રિક જીવનની એકવિધતા, શુષ્કતા અને સર્વોપરિતોનુ કલાત્મક રીતે તાકી છે. સ્વકીય મુદ્રા

ગુમાવી બેઠેલાં ત્રણે પાત્રોની હતાશા–વ્યથાને પણ કલાત્મક રીતે કંડારી છે. જેમ જેમ નાટક આગળ વધતું જાય છે તેમતેમ તેમાંનો કરુણગર્ભ આપણને સ્પર્શી જાય છે. તેનો વેદનાત્મક આપણને હલબલાવી નાખે છે.

નાટકને અંતે સ્પષ્ટ સમજાય છે કે ત્રણેય પાત્રો કેવા વેદનાના મહાસાગરમાં ડૂબી રહ્યા છે! ત્રણે પાત્રોનું જાણી, વિચારી, સમજી કોઈ વિકલ્પ ન રહેતાં મૃત્યુને પરમ સખા માની તેના સાંનિધ્યમાં ચાલ્યા જવું એના જેવી બીજી કઈ ટ્રેજેડી હોઈ શકે! થોમસ માન અને ગિરીશ કાર્નાડના સર્જનકર્મની પાસે જતાં એક જુદીજ અનુભૂતિ થશે. બંને અલગ અલગ સવાલને કેન્દ્રમાં રાખેલી કથાનો હોવાથી બંને સર્જકોની સરખામણી કરવાની ભૂલ આપણે નહીં કરીએ. થોમસ માને જીવનના શરીર અને આત્માની જડતાભરી વિભાવનાઓને કેન્દ્રમાં રાખી છે. સમગ્ર શરીરમાં મસ્તક જ ઉત્તમાંગ છે એ સમજની થોમસ માને ઠેકડી ઉડાવી છે અને માનવનિયતિની ચરિતાર્થતા માટે શરીર પર્યાપ્ત માધ્યમ છે એની વાત કરી છે. અહીં મસ્તકની ફેરબદલી થઈ જાય તે કુદરત દ્વારા લદાતી ચૈતસિક ગતિવિધિઓ આગળ ઝૂઝતા મનુષ્યને રાહત આપતી નથી એ સત્ય પ્રતિ અંગુલિનિર્દેશ કરાયો છે.

ગિરીશ કાર્નાડનો પ્રશ્ન જુદો જ છે. સંકુલ સંબંધો ધરાવતા આ વિશ્વમાં માનવની અસ્મિતાનો સવાલ છે. અને તેના દ્વારા આજના જમાનાની માનવીય સંવિત્તિને એક જુદા જ વધારે સચોટ નિર્ગમ પરિપ્રેક્ષમાંથી નિરૂપી છે. મૂળ વાર્તાના કેન્દ્રમાં નૈતિક પ્રશ્ન છે. 'હયવદન'માં કાર્નાડે દેવીનું નિરૂપણ માનવીય ભાવોમાં વ્યક્ત કરેલ છે. માનવીની જેમ જ દેવી ઈર્ષા, આળસ જેવા ભાવો અનુભવે છે તે દ્વારા નાટ્યકાર આજની વાત કહે છે. દેવી જેવા પરમ તત્ત્વથી કંઈ થઈ શકતું નથી. માનવ પોતાની નિયતિ પોતાની જાતે જ ઘડે છે. નાટકમાં કાલી–માતાનું પાત્ર જે રીતે આપે છે તે દ્વારા તેની વિડંબના કરાઈ છે. માણસ પરમ તત્ત્વમાં શ્રદ્ધા ધરાવતો નથી અને એ પરમ તત્ત્વ પણ માણસની કોટીએ જ જઈ પહોંચે છે. પદ્મિની ભૂલથી કે પછી જાણીબૂજીને ઊલટાં માથાં જોડી દે છે અને જે પરિસ્થિતિ સર્જાય છે તેના માટે પદ્મિની જ જવાબદાર છે.

'હયવદન'ની કથામાં હયવદનને પૂર્ણતાની ઝંખના છે. અપૂર્ણતા તેના માટે શાપ છે અને નાટ્યાંતે હયવદન શાપયુક્ત બને છે તે પૂર્ણ બને . માણસનો અવાજ પણ ઘોડાની હણહણાટીમાં પરિવર્તિત થઈ જાય છે. પણ આવા કોઈ શામાંથી મુક્ત થવું એ માનવીની નિયતિમાં નથી. દેવદત્ત અને કપિલ બંને મૃત્યુ પામે છે અને પદ્મિનીને જે પૂર્ણતા જોઈએ છે તે મેળવી શકતી નથી. પદ્મિનીના જીવનમાં તો વેદના જ છે. મૃત્યુ પણ તેને પૂર્ણતા આપી શકતું નથી. 'પદ્મિનીને દેવદત્ત જેવી બુદ્ધિપ્રતીભા અને કપિલના જેવી સુંદર દેહયષ્ટિ બંને જોઈએ છે. પરંતુ માનવના જીવનમાં આ બંને અહીં એકીસાથે શક્ય નથી. માણસની નિયતિ જ પસંદગીમાં છે.

તેણે પસંદગી કરવાની છે. જાણીબૂજીને પોતાની તમામ જવાબદારી સ્વીકારીને પસંદગી કરવાની છે. એટલે કે અહીં પોતાના અસ્તિત્વનો સવાલ આવે છે. પદ્મિની બંનેને એકસાથે પામી શકતી નથી તે તેની અપૂર્ણતા છે. હયવદનની કથા અને પદ્મિની–દેવદત્ત–કપિલની કથામાં એ રીતે પરંપરામાં જેનો સ્વીકાર છે તેવાં તત્ત્વોની વિડંબના છે. પદ્મિની દ્વારા નિર્મિત પરિસ્થિતિ આપણા જમાનામાં ઊભી થાય તો શું થાય ? આ પ્રશ્નથી જ નાટક આગળ વધે છે. પરંપરાની કથામાં આવી પરિસ્થિતિનાં નિરાકરણો હતાં. અહીંઆ આવાં કોઈ નિરાકરણો નથી. માણસની નાની ભૂલની સજા માણસે ભોગવવી જ પડે છે.'

નારીના પક્ષેથી વાત જોવાનો આવો અભિગમ આધુનિક છે. મોડર્ન છે, એ અર્થમાં ગિરીશ કાર્નાડ આ નાટકમાં આધુનિક અભિગમ પ્રગટ કરે છે. કેમકે ઘણીવાર આપણે નારીના દ્રષ્ટિકોણથી આખી વાતો જોતા જ નથી. એ શું વિચારી રહી છે?

એના મનની અપેક્ષાઓ કઈકઈ છે? એની સંવેદનાઓ કઈ કઈ છે ? પદ્મિનીને એ દ્રષ્ટિએ જોવાનો પ્રયાસ આ નાટકમાં કર્નાડે કર્યો છે. આ પદ્મિની છે, આપણી પરંપરામાં નારીનું ઉત્તમ રૂપ એટલે પદ્મિની. કદાચ એટલે જ આ રચનામાં એ નામ આપવામાં આવ્યું હશે. ‘અંતે પેલો હયવદન પાછો આવે છે. અને તે આશીર્વાદથી સંપૂર્ણ ઘોડો બની જાય છે કદાચ પૂરેપૂરા પશુ થઈ જઈશું તો જ પૂર્ણ થઈશું. માણસ રહીશું તો અધૂરા જ રહીશું. આ પ્રકારનો સંકેત આવા અંત દ્વારા કદાચ કાર્નાડ આપવા માગે છે. પશુત્વમાં જ પૂર્ણતા હશે. પશુત્વ એટલે આદિમતાના અર્થમાં, જંગલિયતના અર્થમાં નહીં. કેમકે ઘણીવાર આપણે જયાં પૂરા પશુ થવાનું હોય છે ત્યાં પણ નથી થઈ શકતા. પૂર્ણ મનુષ્ય તો નથી જ થઈ શકતા. થઈ શકીશું કે કેમ એ પણ પ્રશ્ન છે. પદ્મિનીની જેમ.’

**સંદર્ભગ્રંથ**

૧. દેસાઈ, લવકુમાર મ.હયવદન – સમસંવેદન
૨. મોદી, ચિનુ હયવદન ગિરીશ કાર્નાડ અનુ. (અપ્રગટ)
૩. વ્યાસ, સતીશ અસ્મિતાપર્વ–૨(આર્ટિકલ)